सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૩ | એપ્રિલ - ૨૦૦૪ | અંક ૫

## વાલીઓને.....

આ અગાઉ શાળાનાં ઝાંપા પાસે વાહનો મૂકવા અંગે સૂચના અપાઈ હતી છતાં ફરીથી તે અંગે જણાવવાનું જરૂરી માનું છું. શાળાનાં બંને ઝાંપાની આજુબાજુ નાના બાળકો માટેની રીક્ષાઓ તેનાં નિશ્ચિત સ્થાને ઉભી રહે તો જે બાળકોને વાલીઓ લેવા આવતા નથી તે બાળકોને રીક્ષા શોધવામાં મુંઝવણ ન થાય એટલે એ જગ્યાએ આપના વાહનને પાર્ક ન કરવું. ખાસ કરીને ઓફીસનાં ગેટ નં.૧ની આજુબાજુ તો ન જ મૂકવા, કારણકે નાના બાળકો ત્યાંથી બહાર નીકળે છે.

છૂટવાનાં સમય ઉપરાંત બાકીનાં સમયમાં બાળકને મૂકવા આવો કે લેવા આવો ત્યારે વાહન ૧૦ ફૂટ દૂર રાખીને બાળકને ઉતારીને તાત્કાલિક વાહન લઈ જવું. જેથી રસ્તા પરનાં ટ્રાફીકને ખલેલ ન પહોંચે તેમજ સ્ટાફના વાહનોને આવવા જવામાં નડતરરૂપ ન થાય. ઘણા વાલીઓ બાળકને ઉતારીને સૂચના આપવામાં સમય પણ ગાળે છે, ટ્રાફીક માટે આવી પરિસ્થિતિ મુશ્કેલી તો ઉભી કરે છે પરંતુ વાહનચાલક અને બાળકને પણ આવી પરિસ્થિતિ અનુકૂળ રહેતી નથી. મોટાભાગનાં વાલીઓ આ બધું ધ્યાન રાખતાં હોવા છતાં ગણ્યા ગાઠ્યાં વાલીઓ આ અંગે ધ્યાન ન રાખે તો પણ ભારે તકલીફ ઉભી થતી હોય છે તેવો અનુભવ અમને ઘણીવાર થયો છે. આપ સૌને આ બાબતમાં અનુકૂળ થવા વિનંતી.

આ ઉપરાંત સાયકલ ઉપર આવતાં બાળકોને પણ વાલીઓ તેમની સુરક્ષિતતા ખાતર પણ યોગ્ય સૂચના આપે તેને હું ખૂબ જરૂરી ગણું છું. સાયકલો લઈને બાજુબાજુમાં હારબંધ ચાલતાં બાળકો માટે અકસ્માતનું મોટું જોખમ ઉભું થાય છે તે કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

ટ્રાફીકનાં મૂળભૂત નિયમોની પણ સમજણ સાયકલ ચલાવતાં બાળકને આપવી જોઈએ તે ખૂબ જરૂરી છે. સાયકલ ગમે ત્યાંથી ઓવરટેક કરે, ખોટી સાઈડ પર ચલાવે, વળાંક લેતા કયા પ્રકારનું ધ્યાન આપવું જોઈએ તે બધી બાબતો અંગે બાળકો સાથે વાતચીત કરી, સમજણ આપે તો અત્યારનાં આડેધડ ચાલતાં વાહનોમાંથી બાળકને ઉગારી લેવાની ખૂબ જરૂર છે. એટલે આવી સમજણ વાલીઓ બાળકોને આપે તેને હું બહુ મહત્વનું ગણું છું. આપનાં બાળકની સુરક્ષિતતા ખાતર પણ આપ આ અંગે યોગ્ય કરશો તેવો મને વિશ્વાસ છે.

ઈન્દુભાઈ ના વંદન

### સ્મૃતિચિત્રો

### બ્રિટનના શિક્ષણમંત્રીની શારદામંદિરમાં મુલાકાત


શાળા શરૂ થયા પછી શિક્ષણભવનમાંથી તે સમયના નિયામકશ્રી કુમારી મૃગાબેન શાહનો મારા ઉપર ફોન આવ્યો કે' બ્રિટનના પાર્લા.સેક્રેટરી અમદાવાદની મુલાકાતે આવ્યા છે અને તેમને તમારે ત્યાં ક્યારે લાવવા?' મેં તેમને કહ્યું મને બે ત્રણ દિવસનો સમય આપો. તેમણે કહયું, 'તેઓ એકાદ કલાકમાં જ આવવા માંગે છે,અને ગુજરાતનાં ગરબા જોવા માંગે છે.' 'એકાદ કલાકમાં આવો કાર્યક્રમ કઈ રીતે થઈ શકે ?' તેવા મારા જવાબમાં તેમણે કહયું કે 'તેમને માત્ર ઝલક જ જોવી છે અને આવવાનો આગ્રહ જ છે એટલે કલાકમાં અમે આવીએ છીએ' એમ કહી વાત પૂરી કરી.

મેં વિદ્યાર્થિનીઓને બોલાવી અને કહ્યું કે 'તમારે પ્રાર્થનામંદિરમાં એકાદ ગરબો રજૂ કરવાનો છે' ગરબામાં ડ્રેસ જરૂરી છે તેવો તેમનો આગ્રહ હતો અને પરિસ્થિતિ મેં સમજાવી કે કલાકમાં જે કંઈ તૈયાર થાય તે કરવાની રહેશે. પાંચેક મિનિટ તેમણે અંદરોઅંદર ચર્ચા કરી અને મને જણાવ્યું કે 'શારદાનગર, વસંતકુંજ, જૈનનગર વગેરે નજીકની સોસાયટીમાં જે રહીએ છીએ તે ડ્રેસની વ્યવસ્થા કરીને કાર્યક્રમ રજુ કરીશું.' સમય સાચવવાનો છે તેવી મારી સૂચના ગંભીરતાપૂર્વક તેમણે લીધી એટલે મેં તેમને રજા આપી.

માત્ર અર્ધાએક કલાકમાં જ તે બહેનો ગરબાનો ડ્રેસ પહેરીને પાછી આવી. વીસેક બહેનો હતી અને મને જણાવ્યું કે અમે પ્રાર્થનામંદિરમાં પ્રેક્ટિસ કરીએ છીએ.

દોઢેક કલાકમાં જ રોડબોઈસન ( પાર્લા.સેક્રેટરી ) અને સૌ શાળામાં આવ્યા. પાંચેક મિનિટ મારી ઓફિસમાં બેસાડીને પ્રાર્થનામંદિરમાં તૈયારી થાય એટલે અમને બોલાવવાનો મેં સંદેશો મોકલ્યો. પાંચેક મિનિટમાં જ અમને સંદેશો મળ્યો કે હવે કાર્યક્રમ તૈયાર છે અમે પ્રેક્ષકો તરીકે સ્ટેજ ઉપર હતા અને બહેનો પ્રાર્થનામંદિરમાં ગરબા કરે તેવી વ્યવસ્થા થઈ હતી.

ખાસ્સા પાંચ ગરબા સંપૂર્ણ હલક અને એકશન સહિત રજૂ કરાયા.આંતરગૃહ સ્પર્ધાઓ વિદ્યાર્થીઓને કેવા તૈયાર કરે છે તેનો પ્રત્યક્ષ અનુભવ જોવા મળ્યો. સૌએ ખૂબ આનંદ વ્યક્ત કર્યો. અને ત્યારબાદ શિક્ષણભવન તેમજ પાર્લા.સેક્રેટરી તરફથી અંગત રીતે આનંદ વ્યક્ત થયો.


YORK ROAD
LONDON SE1 7PH

## પરીક્ષા

'બેન ! મને પેટમાં બહુ જ દુઃખે છે, મમ્મીને ફોન કરોને !'

'પેટમાં દુઃખતું હતું તો સ્કુલે શું કામ આવી ? ઘેર આરામ કરવો જોઈએ ને !'

'પણ બેન મમ્મીએ મોકલી, આજે પરીક્ષા હતી ને !'પહેલાં ધોરણમાં ભણતી પ્રિયંકાની આંખમાં આંસુ જોઈ મને થયું, 'આ પરીક્ષાએ તો બાળકોની શું દશા કરી છે !'

હમણાં જ ત્રીજા ધોરણમાં ભણતી દેવાંશીના મમ્મી હાંફળા ફાંફળા એકદમ આવ્યાં, 'બેન ! દેવાંશીને ટાઈફોઈડ થયો છે. મને તો એટલી ચિંતા થાય છે, એની પરીક્ષાનું શું થશે ? મેં એને ભારે ગોળીઓ તો આપવા માંડી છે, ડૉક્ટર કહે છે કે ત્રણ ચાર દિવસમાં તાવ તો નોર્મલ થઈ જશે, પણ હેં બેન ! પરીક્ષા ન આપી શકે તો વરસ બગડશે ?'

'બેન ! તમારી દેવાંશીને યુનિવર્સીટીની પરીક્ષા છે ? તબીયત કરતાં ય પરીક્ષા મહત્વની છે ?' મારાથી પૂછાઈ ગયું.

હજી તો વાત પૂરી કરું છું ત્યાં જ કૃતાર્થના પપ્પા આવ્યાં 'બેન ! કૃતાર્થ બધું જ કડકડાટ બોલે છે ખરો, એને બધું જ આવડે છે પણ એ લખતો નથી. એને લખવું જ નથી ગમતું, નપાસ તો નહીં થાય ને !'

પરીક્ષા, પરીક્ષા, પરીક્ષા...માર્ચ મહિનો શરૂ થાય ને છોકરાઓને માથે એક એવું પ્રતિકૂળ વાતાવરણ ખડું કરી દેવામાં આવે છે, ઘરેઘરમાં પરીક્ષાનું ટેન્શન ફરી વળે છે, છોકરાંઓને તો બિચારાને નિજાનંદની મસ્તીમાં મહાલવાનાં દિવસો હોય, ત્યારે માતાઓને માર્કસની ખેંચતાણનો એટલો તો અજંપો હોય કે છોકરાંઓનાં મગજમાં પરીક્ષાનો એક બહુ જ મોટો 'હાઉ' ખડો કરી દેવામાં આવે છે. છોકરાંઓને જો નિયમિત રીતે ભણાવ્યાં હોય , રોજેરોજનું અધ્યયન થઈ ગયું હોય તો પરીક્ષાનો આવો ડર શાને માટે ? પરીક્ષાનો આ હાઉ માબાપે ઉભો કર્યો છે તેને કારણે જ અમે કેટલીક પરીક્ષાઓ Surprise test તરીકે લીધી અને પરીક્ષાનો ડર ખરેખર બાળકોને છે કે માબાપને તેનો ખરેખરો ચિતાર અમને જોવા મળ્યો.

રિસેસમાં છોકરાં નિરાંતે નાસ્તો કરતાં હોય ને ખબર પડે કે રિસેસ પછી પરીક્ષા છે તો છોકરાંઓને કશી જ ચિંતા નહીં, નિરાંતે પરીક્ષા આપે, કંઈ જ ડર નહીં, મૂંઝવણ નહીં અને માર્કસ ઓછાં આવે એવું પણ નહીં, અને એટલે જ મારે ખાસ તો વાલીઓને એ જ કહેવું છે કે છોકરાંઓને પરીક્ષાનો 'હાઉ' ઉભો ન કરો, છેલ્લે દિવસે બધું જ રિવીઝન થવું જ જોઈએ એવો આગ્રહ શું કામ ? નિયમિતપણે વાંચ્યું હોય તો યાદ તો રહે જ ને ! અને કદાચ થોડા ઓછા માર્કસ આવ્યાં તો પણ શું આભ તૂટી પડવાનું છે ? શું પરીક્ષાનાં માર્કસ એ જ છોકરાંઓને માપવાની પારાશીશી છે ! હાં... બોર્ડની પરીક્ષા હોય અને આગળ ઉપર લાઈન પસંદ કરવાની હોય તો ટકાવારી ઘણી મહત્વની, પણ એ વાત તો દસમા ને બારમા ધોરણ માટે, આટલા નાના બાળકોનાં મગજમાં આ હાઉ ઉભો કરીને આપણે કેટલો મોટો અનર્થ ઉભો કરીએ છીએ ! માણસ એકવીસ વર્ષ સુધી ભણે ત્યાં સુધી લગભગ દર ત્રણ મહિને કે છ મહિને તેણે પરીક્ષા આપવાની જ છે તો એ પરિસ્થિતિનો આટલો ડર આટલા બાળપણથી જ એનામાં ઉભો કરી આપણે બાળકોને માથે અત્યાચાર નથી કરતાં ! અને એ ય ઓછું હોય એમ પરીક્ષાને દિવસે એને મૂકવા આવવાનું, એને માટે નાસ્તો લઈ આવવાનું, છેલ્લી ઘડી સુધી 'આમ લખજે, ભૂલી ન જઈશ, સારા અક્ષર કાઢજે,' કહી કહી તેને નર્વસ બનાવી દેતાં વાલીઓને હું જોઉં છું ને મને થાય છે કે આ બાળક સાયકોસોમેટીક રોગથી પીડાય છે, માથું દુઃખે છે, પેટમાં દુઃખે છે, ઉલ્ટીઓ થાય છે એને માટે જવાબદાર કોણ !

ઊર્મિલા શાહ

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

બાલવાડીનું બીજુ સત્ર અહીં પૂરું થાય છે. આખાયે સત્ર દરમ્યાન બાળકો પ્રવૃત્તિશીલ રહયાં છે.

શરૂઆતના દિવસોમાં રડતાં આવતાં બાળકો થોડાક દિવસમાં બાલવાડીનાં આંગણમાં હસતાં રમતાં જોવા મળે છે. અહીંનું વાતાવરણ બાળકોને એટલું ગમી જાય છે કે તેમને કિલકિલાટ કરતાં જોવામાં અનેરો આનંદ અનુભવાય છે.

ક્રિડાંગણમાં લપસણી, હિંચકા, ચગડોળ, રેતીમાં પવાલા પાડતાં નજરે પડે છે. બોલથી રમવું બાળકોને ખૂબ જ ગમે છે.

મંજીરા વાગતાં જ સૌ બાળકો સંગીતનાં માંડવામાં દોડી જાય છે. સંગીતમાં બાલભોગ્ય ગીતોની મજા માણે છે. ટૂંક સમયમાં ગીતો ગાતાં, અભિનય કરતાં અને તાલ આપતાં નજરે પડે છે.

ઓરડામાં અપાતી પ્રવૃત્તિઓ જેવી કે દળવું, ખાંડવું, ચાળવું, આસનની ગડી કરવી, શીશામાં પાણી રેડવું, બટનીંગ ફ્રેમ ઉપર રમવું વિગેરે પ્રવૃત્તિ રસપૂર્વક રમે છે. ઈન્દ્રિય શિક્ષણના ઓરડામાં પણ બાળકો સ્થિરતાથી એકાગ્રતાપૂર્વક રમે છે. રંગ આકાર પરિમાણ વગેરેનો સૂક્ષ્મ ખ્યાલ મેળવે છે. આ ઉપરાંત ચાલવાની રમત, સ્વાદની રમત, શાંતિની રમત બાળકો ખૂબ જ ઉત્સાહપૂર્વક રમ્યાં. પાળેલા પશુ, જંગલી પશુ, ફળ, શાકભાજી, ફૂલ, વાહન વિગેરેનો પરિચય મેળવ્યો છે. ફેનલ બોર્ડ ઉપર જુદી જુદી વાર્તાઓ પ્રત્યક્ષ જોઈ અને સાંભળીને અનેરો આનંદ લીધો છે.

ઉદ્યોગમાં અપાતી પ્રવૃત્તિઓ જેવી કે મોતીકામ, માટીકામ, કોડી,બીયાં, ચિત્રકામ અને બૂટલેસ જેવી પ્રવૃત્તિ ઉપર બાળકો રસપૂર્વક સ્થિરતાથી કામ કરે છે.

ઈતર પ્રવૃત્તિમાં નાટક, સમુહવાર્તા અને પપેટ જોવાનો આનંદ માણ્યો છે.

હવે ટૂંક સમયમાં જ ઉનાળાનું વેકેશન પડશે, બાળકોને ઘરમાં પણ આવી વિધવિધ પ્રવૃત્તિઓ આપી પ્રવૃત્ત રાખજો ને વેકેશનમાં મઝા કરીને વધુ ખીલે તે ખાસ જોશો.

## બાલમંદિર

બાલમંદિર બ વિભાગ અને તાલીમના બાળકો માટે તા.૩જી માર્ચના રોજ પ્રવાસ યોજાઈ ગયો. બાળકો મહુડી, કલરવ પાર્ટી પ્લોટ અને અમરનાથ જઈ આવ્યાં. સવારના ૮ વાગે ૧૭૧ બાળકો સાથે ત્રણ બસોમાં 'શારદામંદિરની જય' ના નારા સાથે પ્રવાસ ઉપડયો. રસ્તામાં ગીતો ગાતાં, આનંદ કરતાં કરતાં તેઓ કલરવ પાર્ટી પ્લોટ પહોંચ્યા અને ત્યાં મેથીના ગોટા અને જલેબી ખાધાં, ત્યાંથી નીકળી મહુડી પહોંચ્યા. મહુડીના દેહેરાસરમાં દર્શન કર્યા. ઘંટાકર્ણવીરનાં દર્શન કર્યા, સુખડીનો પ્રસાદ લીધો, ઘંટાકર્ણવીરની ધૂન બોલાવી, ત્યાંથી કોટયર્ક ગયાં. બાળકોએ કોટયર્કમાં મઠો, પૂરી વિગેરેનું જમણ લીધું. બાળકનું આવા પ્રવાસમાં ઘણું બધું ઘડતર થાય છે. સમૂહભાવના કેળવાય છે અને બાળકો સાથે હોય તો એકબીજાનું જોઈ તે લોકો સરસ રીતે જમતાં પણ શીખે છે, જમ્યા પછી બાળકો અને બહેનોએ હોળીના ગીતોની રમઝટ બોલાવી, ગીતો ગાતાં ગાતાં બાળકો તન્મયતાથી અભિનય પણ કરતાં હતાં.

ત્યાંથી બાળકો અમરનાથ ગયાં અમરનાથનાં લગભગ બસો જેટલાં પગથિયાં આટલા નાના બાળકો જોતજોતામાં તો ઉત્સાહભેર ચડી ગયાં. આવા પ્રવાસથી બાળકો કુદરતી સૌંદર્યની મઝા માણી શકે છે અને તેમનામાં

ધાર્મિક સંસ્કારોનું પણ સિંચન થાય છે. બરફના શિવલીંગ અને દ્વાદશ જ્યોતિર્લિંગના દર્શન કર્યાં. બાળકોનો આ પ્રવાસ ખૂબ સફળ રહયો. કોઈને ય ઘર કે મમ્મી પપ્પા યાદ આવતાં નહોતા.

તા.૧૩-૩-૦૪ને શનીવારે તાલીમનાં બાળકોની સુલેખન હરીફાઈ યોજવામાં આવી. કેટલાક બાળકોએ તો ખૂબ સરસ અક્ષરથી સુલેખન કર્યું. વિજેતા બાળકોને બિરુદ આપવામાં આવશે.

તા.૨૩-૩-૦૪ને મંગળવારે બાળકોને ગુડી પડવા નિમિત્તે લીમડાનો રસ પાઈને શીરો અને શાકનો નાસ્તો કરાવ્યો.

## શિશુમંદિર

વર્ષ દરમ્યાન ધો.૫ થી ૭માં ઘણી બધી આંતરગૃહ સ્પર્ધાઓ યોજાઈ ગઈ, જેવી કે વકતૃત્વ, રાખડી, મહેંદી, પારણાં, પંચાજીરી, ગણપતિ, નંદાવ્રત સાથિયા, આરતી, ચિત્ર, સુગમ સંગીત, ટેબલ ડેકોરેશન, સલાડ, તબલાં, નિબંધ, સુલેખન વિગેરે સ્પર્ધાઓ યોજાઈ જેમાં પ્રથમ મેઘનાદ(૨૯૦ ગુણ), દ્વિતીય ધવલગિરિ (૨૮૦ ગુણ), તૃતીય રત્નદીપ (૨૪૭ ગુણ), ચતુર્થ ગંગોત્રી (૧૬૫ ગુણ)રહયાં છે. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહ અને રસપૂર્વક આ સ્પર્ધાઓમાં ભાગ લીધો.

પ્રાર્થનાસભામાં હવે ગીતાનાં શ્લોકોનું ગાન પણ શરૂ કરવામાં આવ્યું છે.

## વિનયમંદિર

તા. ૪-૩-૦૪નાં રોજ ધો.૮ અને ૯ માટે આંતરગૃહ નિબંધ સ્પર્ધા યોજવામાં આવી.

| | | |
|---|---|---|
| પ્રથમ | રાજસી કોટ | ( ગીતગોવિંદ ) |
| દ્વિતીય | ભૂમિ ત્રિવેદી | ( ચંદ્રમૌલિ ) |
| | દેવસ્ય જાની | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | ઉર્જિત જોષી | ( મેઘદૂત ) |

આંતરગૃહ સ્પર્ધાઓમાં પ્રથમ મેઘદૂત ( ૯૦ ગુણ ), દ્વિતીય ચંદ્રમૌલિ ( ૬૦ ગુણ ),તૃતીય પદ્મપુકુર(૪૫ ગુણ) અને ચતુર્થ ગીતગોવિંદ(૩૫ ગુણ ) આવ્યાં છે.

### અભિનંદન

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | ચિત્ર | |
| અવંતિકા ઈન્ટરનેશનલ | શૈલ સંજય રાવલ | પ્રમાણપત્ર |
| ટેલન્ટ સર્ચ પેઈન્ટીગ | વરુણ સંજય રાવળ | રૌપ્યચંદ્રક |
| કોમ્પીટીશન ૨૦૦૪ | | |
| નેશનલ એક્રોન | ખુશાલી ત્રિપાઠી | પ્રથમ |
| IMQ Contest | | |
| રાઈફલ કલબ | કુંજ ત્રિપાઠી | પ્રમાણપત્ર |
| 'રિપબ્લીક ડે' | દ્રષ્ટિ ઠક્કર | ચંદ્રક |
| ચિત્ર સ્પર્ધા | ખુશાલી ત્રિપાઠી | પ્રમાણપત્ર |
| | મેઘના ભટ્ટ | પ્રમાણપત્ર |
| | કેની શાહ | પ્રમાણપત્ર |
| | કરાટે | |
| ટેકવેન્ડો માર્શલ આર્ટસ | ઈશાન ઠક્કર | દ્વિતીય |
| એસોસીયેશન ૧૫મું | | ઈનામ |
| ડિસ્ટ્રીક્ટલેવલ ચેમ્પીયનશીપ | | |
| અર્જુન સ્કુલ ઓફ | જયોત અંતાણી | યલો - II |
| માર્શલ આર્ટસ | | |
| | ચેસ | |
| ગુજરાત સ્ટેટ ચેસ | સંવિત શાહ(ભાઈઓ) | ૪થું સ્થાન |
| એસોસીયેશન | સ્વપ્નિલ શાહ(ભાઈઓ) | ૨જું સ્થાન |
| | મિશા શાહ(બહેનો) | ૪થું સ્થાન |
| ગુજરાત ચેસ એકાદમી | શૈલ રાવળ | સૌથી નાનો Player |
| | વરુણ રાવળ | પ્રથમ |
| | અંગ્રેજી | |
| શ્રી સદાશીવ ફાઉન્ડેશન | નમ્રતા શુક્લ | પ્રથમ |

### સંસ્થાનું ગૌરવ

શાળાનાં ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી ભાઈ કાર્તિકેય શોધનને ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૪ના રોજ દિલ્હીમાં વિજ્ઞાનભવન ખાતે ઉપરાષ્ટ્રપતિ શ્રી ભૈરવસિંહ શેખાવતના હસ્તે Excellence in the use of Construction material કેટેગરીમાં J.K. સિમેન્ટ કંપની તરફથી આર્કિટેક ઓફ ધી યર A.Y.A. ૨૦૦૨ નો એવોર્ડ આપવામાં આવ્યો. ભાઈ કાર્તિકેયે કચ્છમાં ધરતીકંપ થયા પછી પુનર્વસવાટનાં કામમાં આર્કિટેક તરીકે સમાજ તરફની જવાબદારી અદા કરવા જે પ્રોજેક્ટ તૈયાર કર્યો તેમાં મુંબાઈ સ્થિત ચેરીટેબલ ટ્રસ્ટે આર્થિક સહાય પૂરી પાડી હતી અને ભાઈ કાર્તિકેયે માનદ્ સેવા આપી હતી. તેમણે આપણી કચ્છી સ્થાપત્યશૈલી અને જાપાનની સ્થાપત્ય શૈલી બંનેનું સુભગ સંયોજન કરી પેપર ટ્યુબમાંથી મકાનો બાંધ્યાં છે. જે અત્યારે દવાખાના, ઓફિસ અને રહેઠાણ તરીકે ઉપયોગમાં આવી રહયા છે. ભાઈ કાર્તિકેયને સમાજનું આવું સેવા કાર્ય કરવા બદલ તથા નવીનતમ સ્થાપત્ય શૈલીનું સર્જન કરવા બદલ આવું ગૌરવશીલ પ્રશસ્તિપદ મેળવવા બદલ ખૂબ અભિનંદન, સંસ્થા તે માટે ગૌરવ અનુભવે છે.

૨૦૦૩માં ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ તરફથી લેવાયેલ પ્રખરતા શોધ પરીક્ષામાં ચિ. ઋષિત બિરેનભાઈ રાવલને રાજયકક્ષાએ રૂ. ૭૫૦/- નું પ્રથમ ઈનામ મળ્યું છે. કુ.વૈદેહી રજનીકાંત શાહને રૂ. ૨૫૦/- નુ ત્રીજું ઈનામ મળ્યું છે.

### 'તપન સ્મૃતિ ચારિત્ર્ય ગઠન કેન્દ્ર'

ભાઈશ્રી તપન દવે આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા. આ સંસ્થામાં તેમણે બાલમંદિરથી શ્રેણી ૧૨ સુધી અભ્યાસ કર્યો. ૨૦૦૧ના જૂન માસમાં બોર્ડનું પરિણામ આવતાં ગુણચકાસણી માટે ગાંધીનગર જતાં તેમને રસ્તામાં ગંભીર અકસ્માત નડયો અને તેમનું દુઃખદ અવસાન થયું હતું.

બાળકોમાં સંસ્કારનાં ઘડતર માટેના આગ્રહી તેમનાં માતાપિતાએ તેમની સ્મૃતિમાં 'તપન સ્મૃતિ ચારિત્ર્ય ગઠન કેન્દ્ર'ની તેમનાં અવસાન પછી આવતી તેમનાં પ્રથમ જન્મદિવસનાં દિને સ્થાપના કરી અને ત્યારથી વિદ્યાર્થીઓમાં સંસ્કારસિંચનની આવકારદાયક પ્રવૃત્તિ તેઓ કરી રહયાં છે.

આ કેન્દ્રમાં પ્રાર્થના, શ્લોકો, સુવિચારોની છણાવટ, કલાપ્રત્યે અભિરૂચિ જાગે તેવી પ્રવૃત્તિઓ, વકતૃત્વ કળા, સુગમસંગીત તેમજ વ્યવહારમાં ઉપયોગી બને તેવા બેંકના વ્યવહારોની સમજ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે, ગ્રંથાલયનો ઉપયોગ કરવાનું બાળક શીખે અને સમાજ સેવાનાં ગુણો બાળકમાં ખીલે તેવી પ્રવૃત્તિઓ તેઓ સંપૂર્ણ માનદ્સેવા તરીકે કરી રહયાં છે, આ માટે કોઈ જ ફી રાખવામાં આવી નથી.

મે માસથી ફેબ્રુઆરી માસ એટલે કે વર્ષના ૩૦ રવિવારની અવધિ

મુજબ સવારે ૯-૦૦ થી ૧૧-૩૦ સુધીનાં સમયની પ્રવૃત્તિઓ માટેની વિવિધ બેચનું આયોજન કરવામાં આવે છે. જે શાળામાં તેમણે અભ્યાસકર્યો છે તે શાળામાંથી આવતા વિદ્યાર્થીઓને અગ્રીમતા આપીને તેઓ પ્રવેશ આપશે. ૧૦ થી ૧૫ વર્ષની વયના બાળકોને પ્રવેશ અપાશે. જે વાલીઓને આમાં રસ હોય તેઓ તેમના પિતા શ્રીમલયભાઈ દવેનો ટેલીફોનથી (૨૮૨૧૪૪૯૧) સંપર્ક કરે અથવા તો શાળાનો સંપર્ક કરે તો પણ શ્રીમતી સ્મૃતિબેન પંચાલ તેની નોંધ કરી શકશે. તેમનો Email : malay dave @ sifi.com છે. તે ઉપર પણ માહિતી મોકલી શકશો.

## Young learners English Course

૨૦૦૨થી આપણી શાળામાં બ્રિટિશ કાઉન્સીલનાં ઉપક્રમે કેમ્બ્રીજ યુનિવર્સીટીનો Young Learners Education નો અંગ્રેજીના કોર્સ માટેનાં વર્ગો ચાલી રહયા છે. આમાં ત્રણ સ્તર નક્કી કરવામાં આવ્યાં છે. જેમાં Starters, Movers અને Flyers. અને કદાચ હજી આગળના બે સ્તર KET અને PET આપે તેવી શકયતાઓ જણાય છે. તા.૧૮-૧-૦૪ના રોજ તેનું પરિણામ ઘણું સારું આવ્યું છે. શાળાનું નવું સત્ર શરૂ થતાં હવેની નવી બેચ શરૂ થશે.

### 'પુસ્તક પરિચય '

### ગણિત માણવા જેવું પુસ્તક 'મેથેમેજિક'

સંખ્યાથી લઈને કુદરતમાં, રમતગમતમાં, પંચાગમાં, બાંધકામમાં સર્વત્ર ગણિત વિશે અત્યંત રસપ્રદ અને રસાળ શૈલીમાં ગણિતની વાતો આ પુસ્તકમાં જાણવા મળે છે.

વેકેશનમાં રસપ્રદ અને ખૂબ ઉપયોગી ગણિતનો 'હાઉ' ભગાડે તેવું આ પુસ્તક વિદ્યાર્થીઓ અને મોટાઓને પણ ગણિતનો આનંદ આપે તેવી ભરપૂર માહિતી પૂરી પાડે છે.

વિદ્યાર્થીઓ માટેનું વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડતું માસિક 'સફારી' પ્રકાશિત કરનાર હર્ષલ પબ્લીકેશને તેનું પ્રકાશન કર્યું છે.

વ્યવહારમાં ડગલે અને પગલે ગણિત કેવું મહત્વનું છે તે કંટાળો ન આવે તે રીતે તેમાં રજૂઆત કરવામાં આવી છે જે ઘણી રોચક છે.

## સંતાનોની સમસ્યાઓ

બાળકોને ઉછેરવા એ સહેલું કામ નથી. પોતાનું જ સર્જન હોવાથી માબાપને પોતાનાં સંતાનો આરંભમાં વહાલા લાગે છે પણ પછી વિવિધ કારણોસર માબાપ માટે પોતાનાં બાળકો અનેકવિધ મૂંઝવણો અને સમસ્યાઓ સર્જે છે. કયારેક તો બાળકો પડકારરૂપ બને છે, અને એનો ઉકેલ લાવવો મુશ્કેલ બને છે, કારણકે એનાં મૂળમાં શું છે તે માટે મોટેભાગે માબાપ અજ્ઞાત હોય છે. ખુદ ભણેલાં ગણેલાં માબાપ પણ બાળકનાં ઉછેરમાં ઘણીવાર મૂંઝાઈ જાય છે અને ઘણી ભૂલો કરી બેસે છે. વાસ્તવમાં માબાપે સંતાનોની આ સમસ્યાઓમાંથી માર્ગ તો કાઢવો જ રહ્યો, કારણકે માબાપનો તો આખો ભાવિ મદાર આ ઉગતી પેઢી પર જ બાંધેલો હોય છે. એ ઉગતી પેઢી તો શક્તિના સતત વહેતાં સ્ત્રોત જેવી છે, તેને સમજવી પડે, યોગ્ય માર્ગદર્શન આપવું પડે, પણ આજના માબાપ પાસે એ માટે સમય છે ખરો ? એ ક્ષમતા છે ખરી !

'સંતાનોની સમસ્યાઓ'માં શ્રીઊર્મિલાબેન શાહે આવી અનેક સમસ્યાઓ લીધી છે, વિચારી છે અને એમના ઉકેલ પણ સૂચવ્યા છે.બાળકોની ઈતરપ્રવૃત્તિ પાછળ આંધળી દોટ, માબાપની મહત્વાકાંક્ષાઓના અતિરેક અને પબ્લીસીટીનો મોહ, નૈતિક મૂલ્યોનું અધઃપતન, બાળકોની હાજરીમાં વિખવાદગ્રસ્ત કુટુંબનું વાતાવરણ અને તેની બાળક પર અસર, આવી કેટકેટલી સમસ્યાઓ આજે ચારેકોર જોવા મળે છે ! ચારેબાજુથી ઘેરા પ્રદૂષણ વચ્ચે ઉછરતાં આ સંતાનોની અનેક સમસ્યાઓ તો ઉભી થવાની જ પણ તેમાંથી તેમને સારા નાગરિક બનાવવા આપણે સાધના કરવી પડશે. ઊર્મિલાબેનના આ પુસ્તકમાં આવી સમસ્યાઓનું નિરૂપણ અને નિવારણ સુંદર રીતે સૂચવ્યું છે. આ પહેલાનાં એમનાં આવા જ વિષયને સ્પર્શતાં પાંચેક પુસ્તકોની જેમ 'સંતાનોની સમસ્યાઓ' પણ દરેક માબાપ અને શિક્ષક માટે સારું માર્ગદર્શન પૂરું પાડે છે.

★ ★ ★

આપણા કોશમાંથી 'ભણાવવું' શબ્દ કાઢી નાંખવો જોઈએ. આપણે તો બાળકોને 'કેળવવાં' છે. કવિતા, ગણિત, ઈતિહાસ વગેરે વિષયો ભણાવી શકાય. આજકાલ માબાપ છોકરાંને ભણાવીને ધન્યતા અનુભવતાં થઈ ગયાં છે.

કેળવણી એટલે બાળકમાં રહેલી સારી શક્તિને ઉંમરના પ્રમાણમાં પ્રગટ થવા દેવાની અનુકૂળતા કરી આપવી તે. ગુલાબના છોડને ખાતર-પાણી દઈએ, નીંદામણ કરીએ, બાકી ગુલાબ એની મેળે ઊગશે. ઉગાડવાની ચિંતા આપણે નથી કરવાની, એની ભીતર બધું પડયું જ છે, આપણે તો ખાલી બાહ્ય મદદ જ કરવાની છે.

બાળકો ગુલીવર છે અને આપણે સૌ મોટા કદના રાક્ષસો ! આપણે આપણા ઢાંચામાં તેમનાં બીબાં ઢાળીએ છીએ. પણ જીવનનો પોતાનો એક લય છે. બાળકમાં એ લયને એની મેળે લહેરાવા દો. બધું આપમેળે સુંદર સર્જાશે.

- મનુભાઈ પંચોળી ( દર્શક )

★ ★ ★

આપણે ઈચ્છીએ તેમ બાળકને ઘડી શકીએ તેવું એ મીણનું પૂતળું નથી. પણ તેનું પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે, તે સમજીને આપણે તેના વિકાસ માટે સગવડ કરી આપવાની છે. બાળકો માટે ખેલવું, કૂદવું વગેરે દ્વારા પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવાની છૂટ હોવી જોઈએ. બાળકોમાં બધી શક્તિ રહેલી છે. તે સદા ક્રિયાશીલ રહેવાનું પસંદ કરે છે. બાળક સ્વતંત્રતા પ્રિય છે. અને તેને છૂટ આપવામાં આવે તો તેને પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવાનો આનંદ મળે છે. કામ કરવામાં આવતી મુશ્કેલીઓ સમજે છે. અને તે મુશ્કેલીઓનો સામનો કેવી રીતે કરવો તેનું જ્ઞાન આપોઆપ મળે છે.

- મેડમ મોન્ટેસોરી

સંકલન

**શાળાનો સહકારી સ્ટોર્સ :**

વેકેશનમાં રવિવાર સિવાય સવારે ૯-૦૦થી ૧૧-૦૦ સહકારી સ્ટોર્સ ચાલુ રહેશે. જેમાં નોટબુકસ, ફૂલસ્કેપ ચોપડા, પાઠયપુસ્તકો અને અભ્યાસ માટે જરૂરી ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવશે.

**પુસ્તકાલય :**

ધોરણ ૫,૬,૭ના વિદ્યાર્થીઓ વેકેશનમાં પુસ્તકાલયનો લાભ લઈ શકે તે માટે સોમવાર અને બુધવારે સવારે ૯-૩૦થી ૧૦-૩૦ પુસ્તકાલય ચાલુ રાખવામાં આવશે.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : shardamandir1924@rediffmail.com